# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૭ તા. ૨૭-૧૦-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :–ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટ ની સુવિધા સંદર્ભ ગ્રાન્ટ ફાળવણી બાબત.**
**સંદર્ભ :– એસ.એસ.એ. / હસબ/ઈન્ટરનેટ ગ્રા.ફા./૨૦૧૫/ તા.૨૦/૧૦/૨૦૧૫ ના અન્વયે.**

આથી તમામ મ્યુનિ. ઉચ્ચતર પ્રા.શાળાઓના આચાર્યશ્રીઓ ને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, એસએસએ ની સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર ધ્વારા વર્ષ:૨૦૧૪–૧૫માં અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન ની ૨૭૩ કોમ્પ્યુટર લેબ વાળી ઉચ્ચતર પ્રા. શાળાઓમાંથી ૨૧૫ શાળાઓ ને બી.એસ.એન.એલ તથા ૪૩ શાળાઓ ને વોડાફોન કંપની એમ કુલ ૨૫૮ ઉચ્ચતર પ્રા. શાળાઓમાં ધ્વારા બ્રોડબેન્ડ(wired) ઈન્ટરનેટ કનેકશન પૂરા પાડવામાં આવેલ હતા. જે સંદર્ભે તા.૨૦/૧૦/૨૦૧૫ ના રોજ વર્ષ ૨૦૧૫–૧૬ ઈન્ટરનેટર કનેકિટવીટી માટે ગ્રાન્ટની ફાળવણી કરેલ છે. આમ, ઉપરોકત ૨૫૮ ઉચ્ચતર પ્રા.શાળાઓના એસ.એમ.સી.એજયુકેશનના બેંક એકાઉન્ટમાં ઈન્ટરનેટ કનેકિટવીટીના વપરાશ બીલોના ચૂકવણા માટે નીચેની સૂચનાઓને ધ્યાને લઈ ચૂકવવા આદેશ કરવામાં આવે છે.

1. જો કોઈપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે રાજય સરકારશ્રીના પ્રર્વતમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાનો રહેશે.
2. જે શાળાઓએ એપ્રિલ–૨૦૧૫ થી ઈન્ટરનેટ માટે પ્રતિમાસ બી.એસ.એન.એલ. માટે રૂા.૭૦૨.૨૫ તથા વોડાફોન માટે પ્રતિમાસ રૂા.૩૭૫.૦૦ મુજબ ખર્ચ કરીને બિલ પે કર્યુ હોય તો તે શાળાઓએ સદર ગ્રાન્ટનો ઉપયોગ એપ્રિલ–૨૦૧૫ થી માર્ચ–૨૦૧૬ સુધી કરવાનો રહેશે.
3. જે શાળાઓમાં એપ્રિલ–૨૦૧૫ થી ઓકટોબર–૨૦૧૫ દરમ્યાન ઈન્ટરનેટ કનેકશન બંધ હોય તો તે માસના નાણાં ન ચૂકવતાં તા.૧/૧૧/૨૦૧૫ થી તા.૩૧/૧૦/૨૦૧૬ સુધીમાં ખર્ચ કરવાનો રહેશે.
4. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંન્ટનો શાળા કક્ષાએ ઈન્ટરનેટની સુવિધા માટે જ ઉપયોગ કરવાનો રહેશે. અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.
5. સદર ગ્રાન્ટ નાંણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ અંતિત નાણાં વપરાશ પ્રમાણપત્ર, બચત રહેલ રકમ એસ.એસ.એ.ની કચેરીએ મોકલી આપવાના રહેશે.

આમ, ઉપરોકત વિગતે શાળાઓને આપવામાં આવનાર બ્રોડબેન્ડ (wired) ઈન્ટરનેટ કનેકશન બાબતે કામગીરીમાં સરળતા રહે તે માટે શાળા (એસ.એમ.સી) કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરશો.

તા. ૨૭-૧૦-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી